# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


પરિપત્ર નં: ૯૮૭ /૨૦૨૦

**વિષય : પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે પ્રિ વાયવા ગોઠવવા અંગે.**

આથી યુનિવર્સીટી ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ અધ્યાપકશ્રીઓ તથા સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તેમજ અધ્યાપકશ્રીઓ કે જે પીએચ.ડી. માર્ગગર્શક તરીકેની માન્યતા ધરાવે છે અને તેઓને પીએચ.ડી. સંશોધન કાર્ય માટે વિદ્યાર્થીઓ ફાળવવામાં આવ્યા છે.

પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા ૨૦૧૯નાં ઓર્ડિનન્સ – ૧૫ મુજબ મહાનિબંધ જમા કરાવતા પહેલાં તેનો પ્રિ વાયવા લેવાનો થાય છે.

તેમાં વિદ્યાર્થીએ સ્પાઈરલ બાઈન્ડીગ કરાવેલ મહાનિબંધની ત્રણ નકલ અને ગાઈડશ્રી સાથે જે તે ડિપાર્ટમેન્ટમાં પ્રિ વાયવા અંગે હાજર થવાનુ રહેશે. પ્રિ વાયવા પૂરા થયા બાદ સૂચવેલ સુધારા વધારા સાથે મહાનિબંધ બાઈન્ડ કરાવવાનો રહેશે. તેમાં પ્રિ વાયવા અંગેનુ પ્રમાણપત્ર બાઈન્ડ કરાવવાનું રહેશે અને અલગથી એક નકલ પીએચ.ડી. પ્રશાખામાં જમા કરાવવાની રહેશે.

વિદ્યાર્થીનાં પ્રિ વાયવામાં જે તે ડિપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રી, માર્ગદર્શકશ્રી, ડિપાર્ટમેન્ટના અધ્યાપકશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ સમક્ષ ગોઠવવાનો રહેશે.

વધુમાં જણાવવામાં આવે છે કે આપ આપના વિદ્યાર્થીના પ્રિ વાયવા માટે જે તે વિભાગના અધ્યક્ષશ્રી સાથે પરામર્શ કરી પ્રિ વાયવા ગોઠવ્યા બાદ આપની સાથે આપની કોલેજનાં જે તે વિષયના અધ્યાપકશ્રીઓને જરૂર જણાય તો આપની સાથે લેતા આવવા. આપની સાથે ન આવી શકે તેવી પરીસ્થિતિમાં ઓનલાઈન પ્રિ વાયવામાં હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવા જે તે વિભાગના અધ્યક્ષશ્રીને જાણ કરવાની રહેશે.

જે તે વિષયનાં પ્રિ વાયવા ગોઠવવા અંગે આ સાથે ડિપાર્ટમેન્ટની યાદી સામેલ છે તે મુજબ ગોઠવવાના રહેશે.

આમ તમામ ભવનોનાં અધ્યક્ષશ્રીઓને પ્રિ વાયવા અંગે વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

નં.એકે/પીએચ.ડી./ ૩૨૯૫ /૨૦૨૦

તા. ૮ /૧૦/૨૦૨૦

(ડૉ. ધ.મ.પટેલ)

કા. કુલસચિવ

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજનાં આચાયશ્રીઓ તરફ

(૨) યુનિવર્સિટીના તમામ ભવનોના અધ્યક્ષશ્રી ઓ તરફ

(૩) યુનિવર્સિટીના પીએચ.ડી. તમામ માર્ગદર્શકશ્રીઓ તરફ

(૪) સિસ્ટમ એનાલીસ્ટશ્રી રીઝલ્ટ સેન્ટર, હેમ. ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણ. (વેબસાઈટ ઉપર મુકવા સારૂ)

# પ્રિ વાયવા ગોઠવવા અંગેની માહિતી

| અનુ. | વિષય | ભવન |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ભાષા ભવન( અંગ્રેજી) |
| ૨ | સંસ્કૃત | ભાષા ભવન(સંસ્કૃત) |
| ૩ | ગુજરાતી | |
| ૪ | હિન્દી | |
| ૫ | અર્થશાસ્ત્ર | |
| ૬ | સમાજશાસ્ત્ર | |
| ૭ | મનોવિજ્ઞાન | |
| ૮ | ઈતિહાસ | |
| ૯ | કેમેસ્ટ્રી | કેમેસ્ટ્રી ભવન |
| ૧૦ | હોમ સાયન્સ | |
| ૧૧ | માઈક્રોબાયોલોજી | લાઈફ સાયન્સ ભવન |
| ૧૨ | બોટની | |
| ૧૩ | પર્યાવરણ વિજ્ઞાન | |
| ૧૪ | ઝુલોજી | |
| ૧૫ | બાયોટેકનોલોજી | બાયોટેકનોલોજી ભવન |
| ૧૬ | ફીઝીકસ | ફીઝીકસ ભવન |
| ૧૭ | ગણિત | ગણિત ભવન |
| ૧૮ | કાયદો | કાયદા ભવન |
| ૧૯ | મેનેજમેન્ટ | મેનેજમેન્ટ ભવન |
| ૨૦ | એકાઉન્ટ/કોમર્સ | |
| ૨૧ | હોસ્પિટલ મેનેજમેન્ટ | હોસ્પિટલ મેનેજમેન્ટ ભવન |
| ૨૨ | એજ્યુકેશન | ફીઝીકલ એજ્યુકેશન ભવન |
| ૨૩ | ફીઝીકલ એજ્યુકેશન | |
| ૨૪ | સમાજકાર્ય | સમાજકાર્ય ભવન |
| ૨૫ | ગ્રંથાલય વિજ્ઞાન | ગ્રંથાલય વિજ્ઞાન ભવન |
| ૨૬ | કોમ્પ્યુટર સાયન્સ | કોમ્પ્યુટર સાયન્સ ભવન |